# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૨ • તા.૧૯ ઓક્ટોબર થી ૨૫ ઓક્ટોબર ૨૦૨૪



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર 3.0





Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# યૂવા ધન સમાજની ખરી સંપતિ

સૌ પ્રથમ યૂવાન એટલે શું? જેનો જવાબ અનેક રીતે આપી શકાય. યૂવાન એટલે જે અંધકારને ચીરીને સડસડાટ આગળ વધે એ, યૂવાન એ છે જે ઝંઝાવતી વાવાઝોડાને ગણકાર્યા વગર ધસમસતો મંઝિલ તરફ એક લક્ષી રહે, યૂવાન એ છે જે ધારે તે કરી શકે, ધારે તે મેળવી શકે અને ધારે તે વિચારી એને કોઈપણ ભોગે તેને હાંસલ કરી શકે એવો પાત્ર. યૂવાન એટલે લક્ષ્યને વીંધનારો. યૂવાન એ છે જે પોતાના સમાજ માટે, તેના વિકાસ અને ઉત્કર્ષ માટે, પોતાનો તન, મન, ધનથી ભોગ આપે, સારા વિચારોને ટેકો આપે, તેને આગળ વધારે અને થઈ શકે તો પોતાને ખભે એનો ભાર ઉપાડી, વહન કરી તેને પાર ઉતારે. શિક્ષિત યૂવાન સંસ્કારનું પાલન કરી. શિસ્તમાં રહી વડીલોની આમન્યા, આજ્ઞા જાળવી, વડીલોની આંખને પોતાની પાંખ આપી ગગન ગામી રહે. સમાજ એ જ ઈચ્છે કે અમારો યૂવા ધન આત્મવિશ્વાસથી સભર હોય. તેનામાં દ્રઢતા આત્મવિશ્વાસ અને કર્મ શક્તિનો ભંડાર હોય.

આજનો યૂવાન ઉચ્ચ શિક્ષિત છે. પણ બહુધા યૂવા ધન પોતાનો સમય વિવિધ ઈલેક્ટ્રોનિક મિડીયામાં વીતાવતો રહે છે. વ્યસન અને ફેશનના ચાળે ચડી કોઈપણ લક્ષ્ય વગરની જિંદગી જીવે છે. દરેક નજીવી વાતોમાં પોતાનો સમય વેડફે છે. જે લક્ષ્ય વગર વિચરણને આચરણ દ્વારા પોતાની અને પરિવારની પરેશાની વધારે છે. આવા યૂવાનો દરેક બાબતમાં દખલગીરી કરવામાં એક્સપર્ટ હોય છે. પોતાના જીવન કરતાં અન્યના જીવનમાં ડોકીયૂં તાણી જોવાની આદત વાળા હોય છે. તેમના જીવન મંત્ર માત્ર હરવું, ફરવું અને બિન કારણવશ જીવન જીવવું. આવા રાહ ભૂલ્યાં ભલે ગણ્યા ગાંઠ્યા હોય પણ પરિવાર અને સમાજ માટે બોજારૂપ હોય છે. પરિવાર પછી સમાજ અને પછી દેશ, આ સાંકળને જે યૂવાન સંભાળી ન શકે તેનું જીવન વ્યર્થ છે.

આપણા દેશ વર્તમાનમાં યૂવા ધનથી સભર છે. યૂવાનો સમાજ અને દેશની પ્રગતિનો, વિકાસના એન્જિન છે. આજનો બહુધા યૂવા ધન કર્મનિષ્ઠ, પ્રામાણિક, કાર્ય કુશળ અને સદ્ભાવ પ્રેમી છે. 'ખુદ જીઓ ઔરોકો જીને દો'ના મંત્રને માન નારો છે. એના વિચારમાં નાવીન્ય છે. એની નજરમાં આગળ વધવાનો એકલક્ષી પ્રણ છે. માટે યૂવાધન સમાજના હર એક સ્વપ્ન સાકાર કરવા કટિબદ્ધ છે. સમાજમાં નવી નવી યોજના, નવી મોર્ડન ટેકનોલોજી સાથેના સંયોજનથી દૂર દૂર વસતા સમાજનોને એકસૂત્રે પરોવવાનું કામ શક્ય થયૂં છે. યૂવાનો સમાજના વડીલોને સાથ આપી તેમના વિચારોને ગતિ આપી શકે છે. સમાજના દરેકે દરેક અભિયાનમાં, યોજનાના અમલ યૂવાનોનો સાથ રહેવો જરૂરી છે. સમાજ ભક્તિનો મંત્રએ સમાજ શક્તિમાં પલટાઈ જાય એવો માહોલ યૂવાનો સર્જી શકે છે. યૂવાનોનો જુસ્સો, જોમ અને આવેગ સમાજને નવો બળ આપી શકે છે. દરેકે દરેક યૂવાન સમાજના કલ્યાણ માટે સંકલ્પ બદ્ધ થાય તો એ સમાજ માટે જ હિતકારી છે. માટે જ આજે યૂવાધન સમાજની ખરી સંપત્તિ છે, સબળ શક્તિ છે.

– જય જ્ઞાતિમૈયા

# ઘરતીનો છેડો ઘર

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માળો એ પક્ષીનું ઘર છે, રાફડો સાપનું નિવાસ સ્થાન છે, ગુફાએ સિંહ વાઘ જેવા હિંસક પ્રાણીઓનું આશ્રય સ્થાન છે. તેવી જ રીતે ઘર એ માનવીનું રહેઠાણ સ્થળ છે. ઘર નાનું હોય કે મોટું, ભવ્યતા ભર્યૂં હોય કે સાદું, તેમાં ઓછી સગવડો હોય, તેમાં અનેક તકલીફો હોય તે છતાં આપણા નિવાસ સ્થાને પહોંચતા જ હાશ થાય છે. મનને શાંતિ મળે છે. આખો દિવસ કામ કર્યા પછી ઘરે પહોંચવાનો શુકુન જે મળે છે એ અલભ્ય ને અનન્ય હોય છે. આધુનિક ફાઈવસ્ટાર હોટલમાં સુખ-સુવિધા મળે એ થોડો વખત ગમે પણ પોતાના ઘરમાં મળતા સુખ-સંતોષની તુલનામાં વૈભવશાળી હોટલમાં રહેવાના આનંદમાં ઓછપ લાગે છે.

ઘર એ માત્ર ચાર દિવાલને ઉપર છતથી નથી બનતું પણ તેમાં રહેતા પરિવારજનોના પ્રેમ, આદર, હૂંફ અને અખૂટ સાંનિધ્યથી જ બનતું હોય છે. ઘરની સજાવટમાં આત્મીયતા હોય અને તેના સુશોભનમાં પ્રેમ હોય કાળજી હોય એ આપોઆપ ઘર બની જાય છે. આવા ઘરમાં રહેવા માટે મનડું ઉછાળા મારતું હોય છે. ઈંટ, પથ્થર, સિમેન્ટથી જ બની જતા હોય તો પછી ઘરની કાળજી લેનારની કદર કોણ કરે? ઘરમાં કેટલાય સારા નરસા પ્રસંગોની યાદ જોડાયેલી હોય છે. અહીંયા એવા પોઝિટીવ વાઈબ્સ હોય છે જેનાથી માનસિક શાંતિ, નિરાંત અને દિલને ઠંડક મળે છે. ઘરના ઉંબરે પગ મૂકતાં વેંત જ શાંતિનો ભાવ જાગે, નિરાંતની ભરતી આવે એ ખરું ઘર છે.

ઘરમાં સંયૂક્ત કુટુંબ હોય કે વિભક્ત કુટુંબ. બંન્ને પરિવારોની ઓરા અલગ હોવાની, ભિન્ન હોવાની, ઘરના દંપતી મોકળે મને વાતચીત કરે, વિખવાદ વાદ-વિવાદ કે નિંદા ન કરે તો તેમના બાળકો પણ સંસ્કારી, આજ્ઞાકારી બને છે. સારૂં વાતાવરણ હોય તો બાળકોમાં આપોઆપ સારા સંસ્કારની રોપણી થાય છે. સંયૂક્ત કુટુંબમાં દાદા-દાદી, કાકા-કાકી, ફોઈ વિગેરે સાથે રહેતા હોય, સ્નેહમાં લિપિ રહી સ્નેહ સરવાણીમાં જીવન વ્યતિત કરતાં હોય તો નાના બાળકો પણ શાંત, સમજુ ધર્માનુરાગી અને સંસ્કારી બને છે. પણ જે ઘરમાં સભ્યો ઓછા હોય કે વધુ પણ બધા યંત્રવત જીવન વ્યતિત કરતા હોય, ભાગદોડ ભર્યું જીવન જીવતાં હોય, એકબીજાની પરવા કે દરકાર ન કરતાં હોય, મદદ ભાવના ન રાખતાં હોય એ ઠેકાણે ઘણી સુખ સુવિધા સગવડો, આધુનિક સાધનો હોય તો પણ એ ઘર શાંતિ-સ્થળ ન કહી શકાય. ઘરમાં રહેતા પ્રત્યેકને એકબીજા પર આત્મીય લાગણી હોય એ ઘર સાચુકલો ઘર છે. આ લાગણીને લીધે પ્રત્યેકને ઘરતીનો છેડો ઘર હોવાનું લાગે છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર ૩.૦












શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩/૨૪ માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન કાર્યક્રમ રવિવાર તા. ૧૩ ઓક્ટોબરના બપોર ના ૦૩.૦૦ કલાકે સમૃધ્ધિ બેંકવેટ ખાતેના વિશાળ સભા ખંડમાં ઉત્સાહપૂર્વક ઉજવાયો. કાર્યક્રમની શરૂઆતમાં સૌ વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેસન બાદ સર્વે આમંત્રિત મહેમાનો અને પધારેલા જ્ઞાતિજનોને ચા પાણી, નાસ્તા દ્વારા આવકાર્યા હતા.

સમારોહની શરૂઆતમાં મંડળના પ્રમુખ શ્રી મયુર મણિકાંત ધુલ્લાએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ સર્વ જ્ઞાતિજનોને આવકાર આપ્યો હતો. ત્યારબાદ બંને સૌજન્ય દાતા પરિવાર તથા આમંત્રિત ત્રણે યુવા પ્રતિભા અને મંડળના પદાધિકારીઓ દ્વારા શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન, શ્રી સરસ્વતી માતાજી અને જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની છબીને માલ્યાર્પણ કરી દીપ પ્રાગટ્ય વિધિ કરવામાં આવી હતી, ત્યારબાદ સેજલ જીતંન દંડ દ્વારા નવકાર મંત્ર અને સરસ્વતીવંદનાનું પઠન કરવામાં આવેલ.

આ વર્ષ ના ''સરસ્વતી સન્માન'' કાર્યક્રમના સૌજન્ય દાતા મુલુંડમાં વસવાટ કરતા માતુશ્રી ધનલક્ષ્મીબેન સૂર્યકાંત લોડાયા હસ્તે કોમલ મેહુલ લોડાયા પરિવાર (રવા-મુલુંડ) તથા માતુશ્રી નિર્મલાબેન વિનોદ મોતા પરિવાર (કુવાપધર-મુલુંડ) રહ્યા હતા. આ બંને દાતા પરિવારનો પરિચય મંડળ વતી ભૌમિક પંકજ લોડાયા અને ડાયમંડ અશોક દંડ એ આપ્યો હતો.

દાતા પરિવાર વતી શ્રી મેહુલ સૂર્યકાંત લોડાયા અને શ્રી કલ્પેશ વિનોદ મોતાએ તેમના જીવન પ્રવાસનું વર્ણન કરીને હાજર રહેલ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપી સફળ ભવિષ્ય તરફ દોરી જવા માટે પ્રોત્સાહિત કરેલ. મંડળ દ્વારા આ વર્ષના દાતા પરિવારોને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા હતા.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન વિવિધ અભ્યાસક્રમના ધોરણ ૧ થી પોસ્ટ ગ્રેજ્યુએટ પરીક્ષામાં ઉચ્ચ ગુણાંકો સાથે ઉતીર્ણ થયેલા ૫૩ બાળકો અને યુવાનોનું સર્ટિફિકેટ, મેડલ અને ભેટ દ્વારા દાતા પરિવારોના હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ–મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન–પાંજી ધરોહર ૩.૦




















# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર ૩.૦

દર વર્ષની જેમ આ વર્ષે પણ મંડળ દ્વારા જ્ઞાતિના યુવાનો (Young Achievers) એ હાંસલ કરેલી અનેરી સિદ્ધિઓને બિરદાવવામાં આવી હતી.

જેમાં સૌ પ્રથમ Young Achiever હતા માત્ર ૯ વર્ષની ઉંમરના ઈવાન હર્ષિત લાલકા, ઈવાનનો પરિચય મંડળવતી નિશાંત સંજય નાગડાએ આપેલ. ઈવાને સ્વિમિંગમાં માસ્ટરી મેળવી છે. માત્ર ૯ વર્ષની ઉંમરનાં ઈવાનએ મહારાષ્ટ્ર સ્ટેટ લેવલ પર ૨૭ મેડલ મેળવ્યા છે. એમાં થી ૨૩ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. તેમજ ૫ ચેમ્પિયનશિપ ટ્રોફી પણ મેળવી છે.

બીજા Young Achiever હતા વિધિ ધર્મેશ લોડાયા, વિધિનો પરિચય મંડળ વતી પારસ લહેરચંદ નાગડાએ આપેલ. વિધિએ રોલ બોલમાં ફક્ત ૪ વર્ષની ઉંમરથી શરૂઆત કરીને અનેરી સિદ્ધિ મેળવી છે. મહારાષ્ટ્ર રાજ્યને નેશનલ ગેમ્સમાં ૭ વર્ષ પછી ગોલ્ડ મેડલ જીતાડીને અનોખું સ્થાન મેળવ્યુ છે. વિધિ Roll Ball સાથે ક્રિકેટ પણ રમે છે અને હવે ડિસ્ટ્રીક્ટની ટીમમાં પણ ભાગ લેશે.

ત્રીજા Young Achiever હતા હર્ષ ચંદ્રેશ શિયાલ, હર્ષનો પરિચય મંડળ વતી અનિક નરેન્દ્ર ધરમશી દ્વારા આપવામાં આવેલ. હર્ષ શિયાલ, જેઓ પર્વત પ્રેમી છે. પર્વતારોહણમાં તેમણે અગણિત સિદ્ધિઓ મેળવી છે. ૨૦૧૪ થી શરૂઆત કરીને હમણાં સુધી દેશ વિદેશથી Mountaineering નાં વિવિધ કોર્સ તેમણે પૂર્ણ કર્યો છે. તેમજ હાલમાં તેઓ શાળા નાં બાળકો તેમજ અન્યોને દેશ અને વિદેશમા તાલિમ આપી રહયા છે.

આ ક્ષણે ત્રણે યુવા પ્રતિભાઓએ પોતાની કારકિર્દીના ઘડતર દરમ્યાનના અનુભવો અને વડીલો તેમજ પરિવાર તરફથી મળેલ પ્રોત્સાહન, સહકાર અને સમજની વાતો વગોળી હતી. મંડળે ત્રણે યુવા પ્રતિભાઓના પરિવારોને મંચ પર બોલાવી અભિનંદન આપેલ ત્યારે હાજર રહેલ જ્ઞાતિજનો એ તાળીઓના તાલે અભિવાદન કરેલ. મંડળ દ્વારા આ ત્રણે યુવા પ્રતિભાઓને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવ્યા હતા.

મંડળની સ્થાપના વર્ષ ૧૯૬૪માં થઈ હતી અને ૬૦ વર્ષની અવિરત સફળ Journey ને વધાવવા નવા લોગોનુ જ્ઞાતિજનો સમક્ષ અનાવરણ કરવામાં આવ્યુ હતું.

૬૦ વર્ષની આ journey ને આગળ વધારવા મંડળ દ્વારા યુવા પાંખ (Youth Wing)ની રચના કરવામા આવી હતી. નવનિયુક્ત સમિતિના સભ્યોને સ્ટેજ પર બોલાવી જ્ઞાતિજનો સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો.





**યૂવા ટીમના સભ્યો**

કુશ હિરેન નાગડા, ધ્વની નિશાંત નાગડા, યશ વિરેન્દ્ર લોડાયા, સાચી કલ્પેશ લોડાયા, મહેક જીજ્ઞેશ મોતા, શ્રેયા ભાવિન ખોના, ઇન્દર લાજેશ લોડાયા, નેમિશ નીરજ લોડાયા, નેન્સી કુમાર નાગડા, મૌલિક જય ખોના.

મંડળના સમાજલક્ષી વિવિધકાર્યને આગળ ધપાવવા હાલના પદાધિકારીઓએ ''NEEV'' યોજનાની વિગતો ફરી એકવાર હાજર રહેલ જ્ઞાતિજનો સમક્ષ આપી હતી અને જેમ ટીપે ટીપે સરોવર ભરાય તેમ એક એક ''NEEV'' દ્વારા સમાજના ભવિષ્યના ઘડતરમાં સહભાગી થવાની ફરી એકવાર હાકલ કરી હતી. જેનો સુંદર પ્રતિસાદ સૌજન્ય દાતા પરિવારો, હાજર મહાનુભવો અને જ્ઞાતિજનો તરફથી ''NEEV'' યોજનામાં સરસ યોગદાન દ્વારા મંડળને પ્રાપ્ત થયો હતો.

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર ૩.૦

**મુખ્ય સમિતિ**

મયૂર મણિકાંત ધુલ્લા-પ્રમુખ,
યશોધન રાયચંદ કારાણી-ઉપપ્રમુખ,
જીગ્નેશ કુંવરજી મોતા-સેક્રેટરી,
રાજેન્દ્ર મુલચંદ ધુલ્લા
જોઈન્ટ સેક્રેટરી,
રોપિન જયચંદ નાગડા-ખજાનચી.





**મહિલા વિભાગ- લેડીઝ વિંગ**

વિરાજ મયૂર ધુલ્લા-પ્રમુખ,
લતા ભાગચંદ કારાણી-ઉપપ્રમુખ,
કાશ્મીરા પ્રેમ ચુર્લા-સેક્રેટરી,
સેજલ જીનતન દંડ
જોઈન્ટ સેક્રેટરી,
રાની રોપિન નાગડા-ખજાનચી



**મુખ્ય સમિતિના સભ્યો**

મહેશ હંસરાજ દંડ, કલ્પેશ ખીમજી લોડાયા, તેજસ બકીમચંદ લાલકા, સંદીપ નવીનચંદ્ર લોડાયા, પ્રેમ ગુલાબચંદ ચુર્લા, અનિક નરેન્દ્ર ધરમશી, ભૌમિક પંકજ લોડાયા, ડાયમંડ અશોક દંડ, નિશાંત સંજય નાગડા,પારસ લહેરચંદ નાગડા.



**મહિલા વિભાગ સમિતિના સભ્યો**

દીપા હિરેન નાગડા, ભારતી ડોલર શાહ, છાયા મહેશ દંડ, રીના લાજેશ લોડાયા, હીના રાહુલ મૈશેરી, હેતલ મયૂર લોડાયા, નીતલ હિનેશ લોડાયા, પારૂલ યોગેશ ધુલ્લા, રિંકિતા અંકિત મૈશેરી, જુલી યશ છેડા.

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર ૩.૦




કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન વિરાજ મયુર ધુલ્લા અને જીગ્નેશ કુંવરજી મોતા એ સફળતાપૂર્વક સંભાળ્યુ હતું.

આ કાર્યક્રમ બાદ મહિલા વિભાગનો વાર્ષિક કાર્યક્રમ પાંજી ધરોહર ૩.૦ ની શરૂઆત પ્રમુખશ્રી વિરાજ ધુલ્લા દ્વારા સુંદર પરિચય સાથે થઈ હતી. પ્રોજેક્ટર પર જ્ઞાતિનો ઈતિહાસ સ્લાઇડ શો દ્વારા બતાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં આપણી જૂની રહેણીકરણી, નૃત્ય તેમજ પહેરવેશની રજૂઆત દ્વારા હવે આપણે આપણી સંસ્કૃતિને જાળવી રાખીને કઈ રીતે transform થયા છીએ તે નાટક, નૃત્યો અને ફેશન શો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેવા માટે જ્ઞાતિજનો નો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

શરૂઆતમાં સંક્ષિપ્ત નાટક દ્વારા પહેલાના જમાનામાં ઘરમાં વડીલો પ્રત્યે રખાતી માન મર્યાદાને રીતિ રિવાજોનુ આબેહુબ વર્ણન પ્રસ્તુત કરવામા આવ્યું હતુ, જ્યારે બીજા ભાગમાં આજના જમાના પ્રમાણે વડીલો અને યુવાઓએ લીધેલા સુવિચરિત બદલાવો દ્વારા રખાતા સુમેળનું સુંદર ઉદાહરણ દર્શાવવામા આવ્યું હતુ.

ત્યાર બાદ સૌ પ્રથમ આપણી પરંપરાગત રમતો જેમ કે તામડી નૃત્ય, ઢોલ રાંધ એવમ રાસનું સુંદર પ્રદર્શન મુલુંડના મહિલા સભ્યો દ્વાર પ્રસ્તુત કરવામાં આવેલ.

### સ્કીટ - ૧

કલ્પના બકિમચંદ લાલકા,
મિતેશ ઝવેરચંદ લાલકા,
મનીષા મિતેષ લાલકા,
વર્ષા લક્ષ્મીચંદ લોડાયા





### સ્કીટ-૨

કુસુમ વિરેન્દ્ર મેપાણી,
સંજય ચીમનલાલ નાગડા,
સાધના સંજય નાગડા,
ધ્વની નિશાંત નાગડા







# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર ૩.૦

જેને આગળ વધારતા આજની પરિણીત વહુઓ એ આપણી પરંપરાગત રમતથી શરૂઆત કરી આજના સમય પ્રમાણે રમતા રાસ ગરબા સાથે સુંદર સમન્વય કરી એક અનેરૂં પ્રદર્શન કર્યું હતુ.

બંને ગ્રુપ દ્વારા પ્રદર્શિત પારંપરિક રાસ ગરબા અને આધુનિક ગરબાના મિશ્રણ દ્વારા સર્જીત થનગનાતા વાતવારણ વચ્ચે જ્ઞાતિની યુવા દિકરીઓ દ્વારા આજના જમાનાના પ્રચલિત ગુજરાતી લોક ગીત પર સુંદર ગરબાનું પ્રદર્શન કરવામા આવેલ.

મંડળની મહિલાઓ તેમજ દિકરીઓ દ્વારા રાજુ થયેલ ગરબા અને રાસના transformation ને તાળીયોના ગડગડાત સાથે વધાવી લીધેલ. એક અનોખો ફેશન શો રજૂ કરીને મંડળે ફરી એકવાર મૂળ પરંપરાગત પોશાકમાંથી પુરુષો અને સ્ત્રીઓ અને બાળકો માટેના પરંપરાગત પહેરવેશમાં પરિવર્તનનું વર્ણન કર્યું છે. હાજર પ્રેક્ષકોને પ્રસ્તુત કોન્સેપ્ટ એટલો બધો ગમી ગયો કે શો ફરી એકવાર કરવા માટે ડિમાન્ડ કરી હતી.

આ ફેશન શો દ્વારા મંડળ એ દર્શાવવા માંગતું હતું કે કપડાના બદલાતા પ્રવાહો સાથે તેઓ ભલે થોડા બદલાયા હોય પરંતુ તેઓ હંમેશા મૂળ પરંપરાગત પોશાકને માન આપે છે અને પ્રેમ કરે છે અને જ્યારે પણ તેમને તક મળે છે ત્યારે તેઓ તેને પહેરવાનું પસંદ કરે છે.



**ગાલગોટો નૃત્ય**

| | |
|---|---|
| તન્વી લોડાયા | મહેક મોતા |
| તન્વી નાગડા | શ્રુષ્ટિ મૈશેરી |
| દીપમ લોડાયા | વલ્લરી નાગડા |
| મમતા લાપસિયા | નિધિ છેડા |





**પારંપરિક નૃત્ય**

ભૈરવી લોડાયા, ગીતા મોમાયા, નિલમ નાગડા, છાયા ધરમશી, અવંતિકા મુનવર, પ્રાપ્તિ શાહ, ચૈતાલી દંડ ધારિણી ડાઘા, મનીષા ખોના, પલ્લવી લાપસિયા





# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ–મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન–પાંજી ધરોહર ૩.૦

## હેલારો નૃત્ય

ચાર્મી લોડાયા
કોમલ લોડાયા
નૂતન મોતા
શીતલ પોલડીયા
શિવાની મૈશેરી
હેતલ મોતા
વિધી ખોના
વૃષાલી લોડાયા







## ફેશન શો













જ્યોત દીપ છેડા
યૂવાન સચિન લોડાયા
કલ્પ મેહુલ લોડાયા
પ્રિશા મેહુલ લોડાયા
હેન્ના મયૂર ધુલ્લા
આરના કુણાલ છેડા
વંશ તેજસ પોલડીયા

હિદ્દાન જીનતન દંડ
ક્રિયા ચાર્લી નાગડા
ભૂમિ પ્રેમ ચુર્લા
વૃતિ ભૌમિક લોડાયા
રોમિલ ભરત લોડાયા
ફેયા રિતેશ દંડ
ફેલિશા રિતેશ દંડ

નમ્રતા ચાર્લી નાગડા
દક્ષા મુકેશ મૈશેરી
લીના જય ખોના
મીનલ મેહુલ મોમાયા
અલ્પા ભાવિક છેડા
જ્યોતિ પરેશ લાપસીયા
ચાર્મી દીપ છેડા

પૂજા ચિંતન ધરમશી
કુશ હિરેન નાગડા
મૌલિક જય ખોના
હંસકુમાર દામજી મૈશેરી
કુણાલ મહેન્દ્ર મોમાયા
મહેશ હંસરાજ દંડ

# શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ દ્વારા સરસ્વતી સન્માન અને મહિલા વિભાગનો વાર્ષિક સ્નેહ મિલન-પાંજી ધરોહર 3.0



જ્ઞાતિજનોએ રંગબેરંગી કચ્છી પરંપરાગત પોશાકમાં મોટી સંખ્યામાં કાર્યક્રમમાં હાજરી આપી હતી. યુવાનોથી લઈને વરિષ્ઠ નાગરિકો સુધીના સહુએ ઢોલના શહેનાઈના તાલે ૧૨ દાંડિયા, ગરબા, મટુકડી અને ધમાલ જેવી પરંપરાગત રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમારોહ અને સમાજની અગત્યતા સમજીને આદરણીય ધારાસભ્ય શ્રી મિહિર ચંદ્રકાન્ત કોટેચાએ સમારોહમાં હાજરી આપીને સમાજને બિરદાવ્યો હતો. આ કાર્યક્રમમાં હાજરી આપનારા તમામ જ્ઞાતિજનો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. અંતે તમામ રમતોમાં સ્પોટ ઈનામો આપવામાં આવ્યા હતા અને ત્યાર બાદ વિરાજ ધુલ્લા એ આભારવિધિ કરી હતી.

આ રંગીન સાંજનું સમાપન પ્રતાપ એક્સેલન્સીના સ્વાદિષ્ટ ખાદ્ય વ્યંજનો સાથે થયું હતું.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ દ્વારા દરેક સભ્યો, દાતાઓ અને આ સમગ્ર પ્રોગ્રામને ભવ્ય સફળતા આપવામાં જેમણે ભૂમિકા ભજવી, એ તમામ લોકોનો સહૃદયથી આભાર માનવામાં આવેલ અને ભવિષ્યમાં પણ આજની જેમ સતત સમર્થન અને પ્રોત્સાહનની અપીલ કરવામાં આવેલ.









# કેનેડાના હેમંતભાઈ શાહ-લોડાયાની આંખો સૂકી ને ભીના હૈયાં

# ભારત-કેનેડાના વણસી રહેલા સંબંધો નિહાળીને મુલુંડના ઈન્ડો-કેનેડીયન એનઆરઆઈની વ્યથા



ખાલિસ્તાની અલગતાવાદી નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યાને મામલે ચાલી રહેલી તપાસ સાથે કેનેડાસ્થિત ભારતીય હાઈકમિશનર અને અમુક રાજદૂતોને સાંકળવાના કેનેડાની પોલીસે કરેલા પ્રયાસ સામે પ્રતિક્રિયા આપતાં ભારતે કેનેડા સ્થિત ભારતીય રાજદૂતો અને અધિકારીઓને પાછા બોલાવી લેવાનો નિર્ણય લીધો હતો. આમ એક સમયે ગાઢ મિત્રતા ધરાવતા આ બંને દેશોના રાજકીય સંબંધોમાં ખટાશ આવી જવાને લીધે મૂળ કચ્છ વરાડીયા-મુલુંડવાસી અને દાયકાઓથી કેનેડામાં સ્થાયી થયેલા એનઆરઆઈ હેમંતભાઈ મૂળજી શાહ-લોડાયા ગુંદરવાળા સહિત અનેક ભારતીયોને દુ:ખ લાગી રહ્યું છે.

આ અંગે જ્ઞાતિમૈયા સાથે કેનેડાથી ફોન પર પ્રતિક્રિયા આપતાં હેમંતભાઈએ જણાવ્યૂં હતું કે, કેનેડા, યૂએસ કે અન્ય દેશમાં વસતા દરેક ભારતીયના ભગવાન કૃષ્ણની જેમ બે માતા હોય છે. એક તો એમની માતા સમાન જન્મભૂમિ ભારત અને બીજી તેમની કર્મભૂમિ સમાન માતા કેનેડા (કે અન્ય દેશ). હાલ જે રીતે મારી આ બે માતાઓ ઝઘડી રહી છે તે જોઇને મને થતી વેદના અવર્ણનીય છે.

આ અંગે એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં ભારત-કેનેડા વચ્ચે વણસી રહેલા સંબંધોને લીધે ઊભી થયેલી પરિસ્થિતિ અંગે પૂછવામાં આવતાં હેમંતભાઈ એ જણાવ્યૂં હતું કે સાચું કહું તો આ પરિસ્થિતિ ૧૨ મહિના પહેલાં સપ્ટેમ્બર ૨૦૨૩થી ચાલુ થઇ હતી જ્યારે બંને દેશોએ એકબીજા પર આરોપો કર્યા હતા. આને લીધે બંને દેશોના સંબંધોમાં એક પ્રકારની ખટાશ કે તિરાડ આવી ગઈ છે જે મારા અને મારા સહયોગીઓ માટે જેમણે કેનેડા-ઇન્ડિયા ટ્રેડ માટે પાંચ દાયકાથી કામ કર્યૂં તેમના માટે ખૂબ શોકિંગ છે. ગઈકાલે જયારે આ સમાચાર મળ્યા ત્યારે હું કહી શકું એ કેનેડા-ઇન્ડિયા પોલિટીકલ અને ટ્રેડ રીલેશન માટે એ 'ડાર્કેસ્ટ ડે' હતો.

કેનેડામાં ભણી રહેલા વિદ્યાર્થીઓના ભવિષ્ય વિષે પૂછવામાં આવતાં હેમંતભાઈએ જણાવ્યૂં હતું કે હું ઘણા સમયથી કહેતો હતો કે ભારતના વિદ્યાર્થીઓ કેનેડા સ્ટડી કરવા ભલે આવે, પણ હમણાં થોડો સમય થોભી જાવ. અને આજે જે પરિસ્થિતિ ઊભી થઇ છે તે મારી વાતને સાચી સાબિત કરે છે. છતાં પણ જે વિદ્યાર્થીઓ કે અન્ય ભારતીયો કાયદેસર અહીંની યૂનિવર્સીટીઓમાં પ્રવેશ મેળવ્યો છે, જેમની પાસે વર્ક પરમીટ છે તેમને કંઈ તકલીફ ન પડે એવી કેનેડા સરકારની પારદર્શક પોલીસી છે. પરંતુ જેમના વિઝા પૂરા થઇ ગયા છે છતાં કેનેડામાં રહે છે તેમને આ પરિસ્થિતિમાં મુશ્કેલી પડી શકે છે.

# તિરૂપુર સંઘમાં મહાદેવી શ્રી મહાકાળી મહોત્સવ કાર્યક્રમનું આયોજન થયું



દક્ષિણ પ્રાંતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસર મધે ચાતુર્માસે બિરાજમાન પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં મહાદેવી શ્રી મહાકાલી મહોત્સવ કાર્યક્રમનું આયોજન તા.૧૦ ઓક્ટોબર ગુરૂવારના સવારે ૯ કલાકથી થયું. પૂજામાં ૧૦ પરિવારએ બેસવાનો લાભ લીધો. પૂનાથી વિધિકાર અભયભાઈ શાહ, સંગીતકાર આશિષભાઈ શાહ પધારેલ. બહુ જ ભાવ સાથે વિધિ કરાવેલ. આરતી અને હવનના લાભાર્થી માતુશ્રી રશ્મિબેન બુધ્ધિધન પરિવાર તથા માતાજીને ચૂંદડી અર્પણ કરવાના લાભાર્થી મહાવીર ગ્રુપએ લીધેલ.

શ્રી સકળ સંઘ માટે આયંબિલની રસોઈથી સ્વામિવાત્સલ્ય શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ.

રાતના અચલગચ્છ અધિષ્ઠાયિકા માતાજીની ભાવના મુંબઈથી પધારેલ મહેમાનો એ ધર્મ ભાવ પૂર્વક રમઝટ જમાવેલ. મુંબઈ, ચેન્નાઈ, કોઈમ્બતુરથી મહેમાનો પધારેલ.

કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા શ્રી સુવિધિનાથ દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ એ કરેલ.

# ડૉ.રશ્મિ રોનક લોડાયાને Fellowship in Palliative Care પુરસ્કાર પ્રદાન થયો




બીજાપુરના શ્રીમતી નીલમ અજય ધરમશીના સુપુત્રી અને નાંદેડના શ્રીમતી તરલા મુકેશ લોડાયાના પુત્રવધૂ ડૉ. રશ્મિ રોનક લોડાયા B.Com., DCS, MSC, FPC, PHD (અંકશાસ્ત્રમાં)ને ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેલિયેટિવ મેડિસિન અને ક્રિસ્ટોફર હોસ્પિટલ લંડન તરફથી Fellowship in Palliative Care પુરસ્કાર પ્રદાન કરાયો.

Palliative Care (ઉપશાસક સંભાળ) પૈલિએટિવ કેયર એટલે ગંભીર બીમારીથી ગ્રસ્ત દર્દીઓને રાહત આપવા માટે વિશેષ દેખભાળ જે એક વિશિષ્ટ તબીબી સંભાળ છે. જેનો ઉદ્દેશ ગંભીર અથવા જીવલેણ બીમારીઓ ધરાવતા દર્દીઓને જીવનની ગુણવત્તા સુધારવાનો છે. સાયકો ઓન્કોલોજિસ્ટ તરીકે છેલ્લાં ૬ વર્ષથી પેલેએટીવ કેર કાઉન્સેલિંગ દ્વારા જીવનના અંતમાં દર્દીઓને મદદ કરી રહેલા ડૉ. રશ્મિ લોડાયા, મુંબઈમા બીમાર કેન્સરના દર્દીઓ માટે ઘરની મુલાકાત લઈ દર્દીઓની સંભાળ લે છે. તેણી લીડ સાયકો ઓન્કોલોજિસ્ટ તરીકે કાર્યરત છે. આ બહુમાન પ્રાપ્ત કરવા બદલ ડૉ. રશ્મિ રોનક લોડાયાને હાર્દિક અભિનંદન.

# કોઠારા તીર્થે નવ દિવસીય સિદ્ધચક્રની આરાધના કરાઈ



પંચતીર્થીના કોઠારા નગર તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં આયંબિલની ઓળી દરમ્યાન નવ દિવસ સિધ્ધચક્રની ધર્મ આરાધનાઓ ભાવ ભક્તિ સાથે કરવામાં આવેલ હતી.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : જશ મર્કેન્ટાઈલ એલએલપી**

# Anumodana

**Sanjivani Case - 148**

**Name:Mrs. Vijayaben R. Bhagat (Dharamshi), Age : 85 yrs. Village: Jakhau (Haal: Gadag)**

| | |
|---|---|
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 30,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patron** | |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000.00 |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri DBKDO jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Tera | 1,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan , Banglore | 1,500.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. (Shri Kirti Dhanji Dharamshi - Bangalore) | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Gold Patron** | |
| Miss Meher Jitesh Motichand Khona ( Naliya - Mulund) | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli ( H: Pravinchandra & Vanrajbhai Lodaya) | 2,000.00 |
| Matushri Sonbai Trikamji Virji Soni, Vanku - Wadala | 2,000.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 2,000.00 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya) (H: Tejal Rajesh Shah) Moti Sindhodi, Wadala | 2,000.00 |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 2,000.00 |
| Well Wishers | 2,000.00 |
| Shri Rameshbhai ( Kunvarji ) Meghji Mota, Rapar Gadhvari - Mulund | 2,000.00 |
| Sanghviratna Shri Virendra Raghavji Lodaya, Ahmedabad | 1,500.00 |
| **Silver Patron** | |
| Shrimati Rita Manikant Lodaya (H: Rajendra Raghavji Nagda, Sandhan) | 1,000.00 |
| Late Shri Padamshibhai Kunvarji Lalka(Shah) H: Hemlataben Padamshibhai Lodaya | 1,000.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,000.00 |
| Ek Sadgrahasth | 1,000.00 |
| Shrimati Nilamben Narendrabhai Lalka, (New York) | 1,000.00 |
| Late Shrimati Hiravantiben Manilal Lodaya, Aarikhana - Dhulia, | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (Silent Donor) | 81,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 20,000.00 |
| Ek Sadgrahasth, Gadag | 11,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Damyanti Padamshi Motta | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 4,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shri Ketan Manilal Maisheri, Sayera - Hubli | 3,000.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Nilesh Karamsey Vikamsey, Sion | 2,000.00 |
| Shri Nilesh Mota | 2,000.00 |
| Well Wisher | 1,000.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case - 149**

**Name: Mrs. Ramilaben Umershi Chheda, Age : 75 yrs. Village: Suthari (Haal:Dombivli)**

| | |
|---|---|
| **Emerald Patron** | |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000.00 |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,000.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,000.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,000.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,000.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,000.00 |
| **Gold Patron** | |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 2,000.00 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,000.00 |
| Shrimati Karunaben Motichand Khona, Naliya, Mulund | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000.00 |
| Shrimati Damyantiben & Dilipbhai Kunverji Dand, Varadiaya (Ahmedabad) | 2,000.00 |
| Shri Nitin Ratilal Lodaya, Coimbatore | 2,000.00 |
| Sanghviratna Shri Virendra Raghavji Lodaya, Ahmedabad | 1,000.00 |
| **Silver Patron** | |
| Shrimati Rita Manikant Lodaya (H: Rajendra Raghavji Nagda, Sandhan) | 1,500.00 |
| Late Shri Padamshibhai Kunvarji Lalka(Shah) H: Hemlataben Padamshibhai Lodaya | 1,500.00 |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,000.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,000.00 |
| **General Sanjivani Patron** | |
| Smt. Maneesha Kamlesh Shah (Mota ), Aurangabad | 1,000.00 |
| Sethshri Ratanshi kunverji Lodaya (H: Pritesh Lalit Nagda ) | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

### Sanjivani Case - 150

**Name: Mrs. Madhuriben Javerchand Lodaya, Age :65 yrs. Village: Varapadhar (Gandhidham)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri DBKDO jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. (Shri Kirti Dhanji Dharamshi - Bangalore) | 2,000.00 |
| **Individual Donors** | |
| Matushri Laxmiben Javerchand Dharamshi, Kothara - Bijapur | 10,000.00 |
| Shri Manish Pravinchandra Momaya, Coimbatore | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Kumari Hiral Pradip Lodaya, Sayera - Coimbatore | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Matushri Lilavantiben Navinchandra Lodaya, Nani khavdi - Coimbatore | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Mahendra Motta | 2,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,100.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

### Sanjivani Case - 151

**Name: Ms. Bhumi Deepak Khona, Age : 19 yrs. Village: Gorakhadi (Haal: Dombivli)**

| | |
|---|---|
| **Individual Donors** | |
| Well Wisher (Silent Donor) | 1,01,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 20,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 20,000.00 |
| Matushri Jayaben Motilal Lodaya Parivar, Moti Khavdi - Ghatkopar | 5,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case - 152**

**Name: Ms. Nitaben Padamshi Sanya , Age : 60 yrs. Village: Sujapur (Ahmedabad)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 50,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 20,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Ahmedabad | 5,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri Kutchi Dasa Oswal Jain Mahajan - Tera | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 20,000.00 |
| Shree Tekuladhu Jain Yuvak Sangh Mumbai | 2,000.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd, Mr. Kirti Dhanji Dharamshi, Bangalore | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,000.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwr ) | 2,000.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,000.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,000.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,000.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,000.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,000.00 |
| **Gold Patron** | |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 1,500.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 1,500.00 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 1,500.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapar Gadhwari, Ahmedabad | 1,500.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 1,500.00 |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 1,500.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 1,500.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 1,500.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 1,500.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 1,500.00 |
| Late Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 1,500.00 |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 1,500.00 |

| Silver Patron | |
|---|---|
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,000.00 |
| Late Shrimati Hiravantiben Manilal Lodaya, Aarikhana - Dhulia, | 1,000.00 |
| Ek Sadgrahasth | 1,000.00 |
| Shrimati Nilamben Narendrabhai Lalka, (New York) | 1,000.00 |
| Sethshri Champshi Dhanji Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,000.00 |
| Matushri Laxmibai Champshi Dand ( Khamgamwala), H: Smt. Nilam Lalka (U.S.A) | 1,000.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,000.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,000.00 |
| **General Sanjivani Patron** | |
| Shri Hitesh Laxmichand Soni | 1,846.00 |
| Smt. Maneesha Kamlesh Shah (Mota ), Aurangabad | 1,000.00 |
| Sethshri Ratanshi kunverji Lodaya (H: Pritesh Lalit Nagda ) | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher ( A Silent Donor) | 1,21,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, kothara - Bangalore | 10,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 10,000.00 |
| Shri Tanishq Nagda, Lala - Indore | 10,001.00 |
| Shri Manishbhai Pravin Momaya, Coimbatore | 5,000.00 |
| Matushri Jayaben Motilal Lodaya Parivaar, Moti Khavdi - Ghatkopar | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi, Coimbatore | 2,500.00 |
| Bhavesh Nayan Shah, Ahmedabad | 2,000.00 |
| Shri Karan Girish Meisheri | 2,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,100.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 1,001.00 |
| Shrimati Darshana Bharat Dagha, Bangalore | 1,001.00 |
| MR. Yash. N. | 1,000.00 |
| Shri Dharmesh Lodaya | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Varapadhar - Ghatkopar | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthari - Deolali | 1,000.00 |
| Shri Deepesh C. Shah | 1,000.00 |
| Shri Mehul Chandrakant Vinzani (Hefa) | 500.00 |
| Shri Shrikant B. Shah (Lodaya), Raichur | 500.00 |
| Shri Amit Jethalal Khona, Dombivli | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Gandhidham | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, varadiya - Malkapur | 500.00 |
| Shri Rushabh A. Shah | 51.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# તેરા તીર્થે નવકાર મંત્ર અનુષ્ઠાનની ધર્મ આરાધનાઓ થઈ

અબડાસા પંથકના ઐતિહાસિક નગર અને કચ્છના હેરિટેજ વિલેજ એવા તેરા નગર તીર્થે પ.પૂ. સાધ્વીશ્રી જગતત્રયાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં નવકાર મંત્રના અનુષ્ઠાન ધર્મ ભાવ સાથે થયા. સંઘના શ્રાવક શ્રાવિકાઓને ધર્મ આરાધનાનો ધન્ય લાભ લીધો હતો.



# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન વારાપધર સ્થાને. |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમિક્ષા શતાબ્દી નિમિત્તે સન્માન સમારોહ સવારે ૧૦.૦૦ થી બપોરે ૩.૦૦ ક. : શ્રી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા |
| તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌ વાસીઓનું સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ : દિક્ષા મહોત્સવઃ ભાંડુપમાં |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪, | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |

# તિરૂપુર સંઘમાં નવપદ આયંબિલ ઓળીના તપસ્વીઓના પારણા થયા



તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં નવપદની આયંબિલની ઓળી તા.૯ ઓક્ટોબર બુધવારથી ગુરૂવાર તા.૧૭ ઓક્ટોબર દરમ્યાન ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી ડૉ.હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવનકારી નિશ્રામાં બહુ જ સરસ રીતે થયા રોજ છૂટક તથા ઓળીવાળા મલીને કુલ્લ ૩૦ થી ૪૦ તપસ્વી હતા.

આયંબિલની વ્યવસ્થા આયંબિલ ભવનમાં શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ. તા.૧૭ ઓક્ટોબર ગુરૂવારના સામૂહિક મોટી પૂજા ભણાવવામાં આવેલ. આયોજન વ્યવસ્થા સુવિધિનાથ જૈન દેરાસર તિરૂપુરના ટ્રસ્ટીઓ દ્વારા કરાઈ હતી. ૩૫ જેટલા બધા તપસ્વીના પારણા તા.૧૮ ઓક્ટોબર શુક્રવારના શ્રી સંઘ તરફથી રાખવામાં આવેલ. શ્રી સંઘના ભાવિક ભાઈ બહેનો ધર્મ આરાધનાનો ધર્મ લાભ લીધો હતો.


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**વિજયાબાઈ નાગડા**
તા.૧૪ ઓક્ટોબર (ઉ.૯૧)
લાલા-ખિરકિયા




**જયંતભાઈ ધરમશી**
તા.૧૪ ઓક્ટોબર (ઉ.૭૨)
કોઠારા-નાગપુર



**લાલજીભાઈ લોડાયા**
તા.૧૬ ઓક્ટોબર (ઉ.૭૧)
વારાપધ્ધર-ડોંબિવલી




**જવેરચંદભાઈ લાલકા**
તા.૧૭ ઓક્ટોબર (ઉ.૮૩)
નલિયા-મુલુંડ



**ખુશાલચંદભાઈ મોતા**
તા.૧૮ ઓક્ટોબર (ઉ.૭૬)
લાખણીયા-મુલુંડ



**જિતેન્દ્રભાઈ નાગડા**
તા.૧૮ ઓક્ટોબર (ઉ.૭૪)
સાંધાણ-મુલુંડ



**ઉદયભાઈ ધરમશી**
તા.૧૮ ઓક્ટોબર (ઉ.૪૭)
સાંધાણ-ડોંબિવલી



**ગીતાબેન લોડાયા**
તા.૧૯ ઓક્ટોબર (ઉ.૬૨)
સાંધવ-હાલોલ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● મૂળ ભુજના હાલ અમદાવાદ વસતા ૧૮ વર્ષીય આર્યન પ્રશાંતભાઈ શાહ ડેવિસકપ માટે પસંદગી પામનારો રાજ્યનો પ્રથમ ખેલાડી બન્યો છે. ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડ સ્લેમ જુનિયરમાં આખા દેશ વતી એકમાત્ર ખેલાડી તરીકે રમીને હીર ઝળકાવી ચૂક્યો છે. ભુજ જીમખાનામાં રમીને કારકિર્દીની શરૂઆત કરી હતી. જુનિયર સ્તરે દેશના પ્રથમ ક્રમના રહી ચૂકેલા તેમજ ખેલો ઈન્ડિયા સુવર્ણ ચંદ્રક વિજેતા આર્યન દુબઈ, ઈજિપ્ત, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, અમેરિકા, આફ્રિકા, જમૈકા, કમ્બોડિયા, થાઈલેન્ડ, કેન્યા, મલેશિયા સહિત દેશોમાં અનેક આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં રમી ચૂક્યો છે.

● બંદરીય માંડવીની ૧૩૪ વર્ષ જૂની શતાયૂ શિક્ષણ સંસ્થા શેઠ જી.ટી.હાઈસ્કૂલને જી.ટી.ચેરિટીઝ મુંબઈ દ્વારા બંધ કરવા જિલ્લા શિક્ષણ વિભાગને લખેલા પત્રનો વિરોધ કરી. આ શાળા બંધ કરતાં પહેલાં ભૂતપૂર્વ છાત્રોને સાંભળવા જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ માંગ કરાઈ છે. મહા શાળાના સંચાલકો દ્વારા અચાનક શાળા બંધ કરવાના એક તરફી નિર્ણયથી સંસ્થાની પ્રભાવશાળી પરંપરા, ભવિષ્યના વિદ્યાર્થીઓના શિક્ષણ તેમજ શહેરના શૈક્ષણિક વિકાસ પર ભારે અસરો પડી શકે છે એવી ભારપૂર્વક રજૂઆત થઈ છે.

● માંડવી, લખપત અને અબડાસાના દરિયાઈ વિસ્તારને લગતી કોસ્ટલ રેગ્યૂલેશન, સી.આર.ઝેડ ડ્રાફ્ટની લોક સુનાવણી અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે પ્રાંત કચેરીના સંકુલમાં ૨૦૦ લોકોના સહભાગથી યોજાઈ. જેમાં વિરોધનો સૂર ઊઠ્યો હતો. સુનાવણીમાં શરૂઆતથી જ વિવાદ અને વિરોધ વચ્ચે લોકોમાં આક્રોશ સાથે નારા લગાવ્યા હતા. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ અધિકારીઓએ સમજ આપી હ તી કે આ ફાઈનલ નકશા નથી. જે લોકોના પ્રશ્નો હશે તેના આધારે ફાઈનલ નકશા બનશે અને લોકોની નારાજગી શક્ય એટલી દૂર કરવાની કોશિશ કરાશે.

● કોઠારા જી.ટી.હાઈસ્કૂલના પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન મુલુંડ કચ્છી લોહાણા મહાજન વાડી પવાણી હોલમાં ૪૦૦ પૂર્વ વિદ્યાર્થીઓ ભારતભરથી હાજર રહ્યાં હતા. સ્નેહમિલનમાં ગોકુળદાસ તેજપાલ પરિવારના ચોથી પેઢીના વારસદાર સુધીરભાઈ, શિશિરભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. અબડાસાના કોઠારા ૧૬૦ વર્ષથી ગોકુલદાસ તેજપાલ મેમોરિયલ હાઈસ્કૂલ કાર્યરત છે. આગામી સ્નેહમિલન તળ મુંબઈના ગોવાલિયા ટેન્ક સ્થિત તેજપાલ ઓડિટોરિયમમાં યોજવાની તેજપાલ પરિવાર દ્વારા ઓફર કરાઈ હતી. હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પ્રભાત સિંહ જાડેજાની ઉપસ્થિતિ રહી હતી. સ્નેહમિલન માટે કન્વીનર સોમચંદભાઈ લોડાયા જહેમત ઉઠાવી હતી. સૂત્ર સંચાલન દિનેશભાઈ રતનશી મૈશેરી એ કર્યૂં હતું. માનવજ્યોત ભુજના પ્રમુખ પ્રબોધ મુનવર, રાજકીય અગ્રણી અને ક.દ.ઓ.મહાજનના ટ્રસ્ટી અરવિંદભાઈ લોડાયા, કચ્છ એકમના પ્રમુખ મહેશભાઈ લાલકા, દિનેશભાઈ લાલજી અજાણી ઉપસ્થિત રહ્યાં હતાં.

● ૧૯૮૦ના દાયકયામાં વારંવાર દુષ્કાળ અને વરસાદ આધારિત ખેતી પડી ભાંગતા મોટા ભાગના પાટિદાર પરિવારો ધંધાર્થે દક્ષિણ ઉત્તર ગુજરાત, મહારાષ્ટ્રમાં કે વિદેશમાં વસ્યા છે અને ધંધા કારોબારમાં સુખી છે. પણ વર્ષોથી જ્ઞાતિની પરંપરા મુજબ શ્રાવણ માસની સાતમ આઠમની ઉજવણી પોતાના ગામે કરે છે. એ સિલસિલો આજે પણ જાળવી આ વર્ષે ધંધાર્થે બહાર વસતા ૫૦ હજાર જેટલા પાટિદાર સભ્યો માદરે વતન પહોંચ્યા છે. નખત્રાણા, લખપત તાલુકાના ગામો પાટીદાર પરિવારના સભ્યોથી ગાજી ઉઠ્યા છે. વિવિધ સામાજિક, ધાર્મિક આયોજનો ઉત્સાહભેર યોજાય છે.

● મુંબઈમાં જૈન દીકરીઓ જેઓ શાળા કે ઉચ્ચ શિક્ષણ લે છે તેમને ૧૯૫૩ થી છાત્રાલયની સુવિધા પૂરી પાડતી શિક્ષણ સેવા સંસ્થા ભાણબાઈ નેણશી મહિલા છાત્રાલય આધુનિક સુસજ્જ પ્રીમિયમ ગર્લ્સ હોટેલમાં પરિવર્તીત થવા ખૂલ્લી મૂકાઈ છે. મૂળ માટુંગામાં આ છાત્રાલય હતું જે હવે જૂહુ વિસ્તારમાં ન્યૂ ભાણબાઈ નેણશી મહિલા વિદ્યાલય નામે મહારાષ્ટ્રના મંત્રી મંગલ પ્રભાત લોઢા અને કેવીઓ સમાજના મોવડીઓની ઉપસ્થિતમાં ખૂલ્લું મૂકાયૂ. નવી ગર્લ્સ હોસ્ટેલમાં પાર્કિંગ, કમ્યૂનિટી હોલ, ડાઈનિંગ એરિયા, જીમ ઈન્ડોર ગેમ્સ, સેલ્ફ કન્ટેઈન્ડ રૂમ્સ દરેક સુવિધાઓ સાથે ટેરેસ ટર્ફ જેવી સુવિધાઓથી સજ્જ છે.



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA